**ભરૂચના સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ,ભરૂચ.**

**પોકસો કેસ નં. ૩ /૨૦૨૬**

**આંક– ૬**

**ફરીયાદી:–** સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:–** **રાહુલ જશુભાઈ રાઠોડ**
**ઉ.વ.૨૫**
**રહે. વસ્તી ખંડાલી,તા.વાગરા, જી.ભરૂચ.**

**<u>આંક–૦૧ નીચે આજ રોજ તા.૧૩/૦૩/૨૦૨૬ રોજ થયેલ હુકમ મુજબ તહોમતનામું</u>**

હું એચ.એચ.ગાંધી સ્પેશ્યલ જજ (પોકસો) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ જજ,ભરૂચના આથી તમો આરોપી વિરૂધ્ધ નીચે મુજબ તહોમતનામું ફરમાવું છું કે, તમો આરોપી ભોગબનનારને નાનપણથી ઓળખતા અને તા.૧૪/૦૮/૨૦૨૪ ના પહેલાના ૪ મહિનાથી તમો આરોપી બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે ભોગબનનાર સાથે રૂબરૂ મળતો અને વાતચીત કરતો અને તમો આરોપી જાણતા હતા કે ભોગબનનાર સગીર છે સંમતિ આપવા સક્ષમ નથી છતા તમો આરોપી ભોગબનનારને લગ્ન કરવાનું કહેતા અને વારંવાર ભોગબનનારને મળતા ભોગબનનારનો સંપર્ક કરતા તે રીતે તમો આરોપી ભોગબનનારને જાતીય ઈરાદાથી મળતા લગ્ન કરવાનુ કહી સંપર્ક કરી જાતીય સતામણી કરતો અને ભોગબનનાર સગીર હોવા છતા તમો આરોપી ભોગબનનારને લલચાવી, ફોસલાવીને લગ્ન કરવાનુ કહેતો અને ભાગીને લગ્ન કરી લેશુ હું તને ખુશ રાખીશ તેવુ તમો આરોપી ભોગબનનારને બનાવવાળા સમયે બનાવવાળી જગ્યાએ કહેલ અને ભોગબનનાર સગીર હોવા છતા ભોગબનનાર સાથે લગ્ન કરવાના ઈરાદે આરોપીએ ભોગબનનારના માતા પિતાના કાયદેસરના વાલીપણામાંથી સંમતિ વગર ભોગબનનારને લલચાવી, ફોસલાવીને ભોગબનનારનુ તા.૧૪/૦૮/૨૦૨૪ ના રોજ અપહરણ કરેલ અને તમો આરોપી ભોગબનનારના ઘરેથી ગામમાં લઈ જઈ ખાનગી વાહનમાં બેસાડીને તમો આરોપી ભોગબનનારને ભરૂચ લઈ ગયેલ અને ભરૂચથી કાઠીયાવાડના જામજોધપુર બાજુ લઈ ગયેલ અને ત્યાં ઈશ્વરીયા ગામે ગોવિંદ બાપાની વાડામાં તમો આરોપીએ

ભોગબનનારને રાખેલ અને ભોગબનનાર સગીર હોવા છતા બનાવવાળી જગ્યાએ શરીર સંબંધ બાંધેલ અને પ્રથમ શરીર સંબંધ તમો આરોપીએ ભોગબનનાર સાથે ભોગબનનારના ગામ વસ્તી ખંડાલી પાસે તળાવ પાસે આવેલ બાવળીમાં બાંધેલ અને આ શરીર સંબંધ તા.૧૪/૦૮/૨૦૨૪ ના બે–ત્રણ મહિના પહેલા બાંધેલ અને તમો આરોપીએ ભોગબનનાર સાથે ઘણી બધી વખત શરીર સંબંધ બાંધેલ અને તમો આરોપીએ ભોગબનનારના વસ્તી ખંડાલી ગામે તળાવની પાસે બાવળીમાં વારંવાર શરીર સંબંધ ભોગબનનાર સાથે બાંધેલ અને તમો આરોપીએ કાઠીયાવાડ ભોગબનનારને લઇ ગયેલ ત્યાં પણ તમો આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને તમો આરોપીએ ભોગબનનાર સગીર હોવા છતાં પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતિય હુમલો ભોગબનનાર ઉપર કરેલ અને ભોગબનનાર સાથે વારંવાર બળાત્કાર કરેલ અને ભોગબનનારને તમો આરોપીએ પ્રેગનેન્ટ કરી દીધેલ અને તમો આરોપીએ ભોગબનનારને પ્રેગનેન્ટ કરેલ હોય જેથી ભોગબનનારને બાળકનો તા.૧/૧૧/૨૦૨૫ ના રોજ જન્મ થયેલ અને તમો આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ અને તેના કારણે ભોગબનનાર પ્રેગનેન્ટ થયેલ અને ભોગબનનારને બાળકનો જન્મ થયેલ તે રીતે તમો આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે), ૩૭૬(૨) (એન), ૩૫૪(એ)(i)(ii) ના ભંગ બદલ ૩૫૪(એ)(૨), ૩૫૪(ડી)(૧)(i) ના ભંગ બદલ ૩૫૪(ડી)(૨) તથા પોકસો એકટની કલમ–૩(એ) ના ભંગ બદલ ૪(૧), ૫(જે)(૨) તથા ૫(એલ) ના ભંગ બદલ ૬(૧) તથા કલમ ૧૧(૧) અને ૧૧(૪) ના ભંગ બદલ કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુના આ અદાલતની હકુમતમાં કરેલ છે.

આથી હું આદેશ ફરવમાવું છું કે, સદરહુ તહોમત માટે આ ન્યાયાલય તરફથી તમારી વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહીનું કામ આગળ ચલાવવા નો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૬ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૩/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સેસન્સ
અને સ્પે. પોકસો જજ, ભરૂચ.
**(U.I.CODE-GJ00659)**